# ટ્રાફીકના નવા નિયમોના અમલીકરણ સામે સાબરકાંઠામાં જન આક્રોશ

## દંડ વસુલવાને બદલે પ્રજાને સ્થળ પર જરૂરી દસ્તાવેજો બનાવી આપવાની પ્રબળ માંગ : આવતીકાલથી અમલી બનનારા નવા નિયમોને લઈને પ્રજામાં ભયનો માહોલ

હિંમતનગર, તા. ૧૩

કેન્દ્ર સરકારે રોડ અકસ્માતની ઘટનાઓ ઓછી થાય અને માનવ મૃત્યુઆંક ઘટે તે આશયથી વિદેશોની જેમ ભારતમાં પણ ટ્રાફીકના કડક કાયદા બનાવી તેનુ જાહેરનામુ પ્રસિદ્ધ કરી દીધુ છે. જોકે ગુજરાત સરકારે કેન્દ્રના આ કાયદામાં કેટલીક છુટછાટ આપીને પ્રજા પર વધુ બોજ ન પડે તે આશયથી રાહતો જાહેર કરી છે. પરંતુ જિલ્લાની પ્રજાનુ કહેવુ છે કે ટ્રાફીકના આવા કાયદાને લીધે પોલીસતંત્રને મનમાની કરવા માટે મોકળુ મેદાન મળી શકવાની શક્યતા છે. ત્યારે તંત્રએ કાયદાનો ભંગ કરનાર વાહનચાલક પાસેથી દંડ વસુલવાને બદલે જરૂરી દસ્તાવેજો સ્થળ પર જ નિયત ફી લઈને તૈયાર કરી આપવા જોઈએ જો તેમ થશે તો પ્રજા પણ તંત્રને સહયોગ કરશે.

આ અંગેની વિગત એવી છે કે ગુજરાતમાં નવા ટ્રાફીકના નિયમોનો અમલ તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯થી શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે જે મુજબ દરેક વાહનચાલક પાસે પાસે હેલ્મેટ, લાયસન્સ, પીયુસી, વીમો તથા અન્ય જરૂરી દસ્તાવેજો જ્યારે આરટીઓ કે પોલીસ તંત્રના અધિકારીઓ કે કર્મચારીઓ માંગે ત્યારે બતાવવાની નિયમમાં જોગવાઈ કરાઈ છે. જોકે સરકારે આવા કડક કાયદા પ્રજાને મુશ્કેલી ન પડે તેનુ ધ્યાન રાખીને બનાવ્યા હોવાનો દાવો કર્યો છે. પરંતુ હકિકતમાં કોઈ વાહનચાલક પાસે નિયમ મુજબના દસ્તાવેજ ન હોય તો તેની પાસેથી અંદાજે રૂ. ૧ હજારથી વધુનો દંડ વસુલવાની જોગવાઈ છે. જેનો અમલ શરૂ થતા અગાઉ જ સાબરકાંઠાવાસીઓમાં અસમંજસ ઉભી થઈ છે. જેથી કેટલાક વાહનચાલકો તો અગાઉથી જ જરૂરી દસ્તાવેજો તૈયાર કરવાની પરોજણમાં પડી ગયા છે.

તો બીજી તરફ લોકોનું કહેવુ છે કે કાયદાનો અમલ થાય તેની સામે વિરોધ નથી. પરંતુ વાહનચાલક પાસે નિયમ મુજબના દસ્તાવેજ ન હોય અને તે પકડાય તો તેના માટે તંત્રએ જરૂરી દસ્તાવેજો દંડ વસુલતા અગાઉ સ્થળ પર દસ્તાવેજ તૈયાર કરી આપવાની તાતી જરૂરી છે. ખાસ કરીને ગામડાઓમાંથી નજીકના સ્થળે ક્યારેક આવતા વાહનચાલકની આર્થિક સ્થિતિ સારી ન હોય અને તે જો પકડાઈ જશે તો આવા વાહનચાલકો શુ કરશે તેની કલ્પના કરવી મુશ્કેલ છે. જિલ્લાવાસીઓનું કહેવુ છે કે પીયુસુ, લાયસન્સ અથવા તો વાહનના વિમાની પોલીસી લેવા માટે વાહનચાલકોને અનેક વખત ધરમધક્કા ખાવા પડે છે. તેથી જો તંત્ર કાયદાનો કડક અમલ કરાવવા માંગતી હોય તો તે અગાઉ જરૂરી દસ્તાવેજો કેટલા વાહનચાલકો પાસે નથી અથવા તો કેટલા વાહનચાલકોને કયા દસ્તાવેજની જરૂરી છે તે અંગે સર્વે કરીને તેની પુર્તતા કર્યા બાદ કાયદો અમલી બનાવવો જોઈએ.

વાહનચાલકોનું કહેવું છે કે તા. ૧૫ સપ્ટેમ્બરથી અમલી બનનાર કાયદાનો ભંગ કરનાર વાહનચાલક પકડાશે તો પોલીસ અને આરટીઓ વાહનચાલકની પરિસ્થિતિની પરવા કર્યા વિના કાર્યવાહી કરશે તો આગામી દિવસોમાં જિલ્લામાં જન આક્રોશ એટલો બધો ભભુકી ઉઠશે કે તેને કંટ્રોલ કરવાનુ તંત્રને ભારે પડે તો નવાઈ નહી. હજુ સરકાર પાસે સમય અને વિકલ્પ બંને છે ત્યારે પ્રજાના હિતમાં તેમના સુચનો ધ્યાને લઈને અમલ કરવા અગાઉ વિચારવાની જરૂરી છે. નવા કાયદા અંગે સત્તાધારી પક્ષના કેટલાક કાર્યકરોમાં પણ મતમતાંર ઉભા થયા છે. જે ભવિષ્યમાં રોષરૂપે સપાટી પર આવે તે અગાઉ સમજવાની જરૂરી છે.

જિલ્લાવાસીઓનું કહેવુ છે કે પીયુસુ, લાયસન્સ અથવા તો વાહનના વિમાની પોલીસી લેવા માટે વાહનચાલકોને અનેક વખત ધરમધક્કા ખાવા પડે છે. તેથી જો તંત્ર કાયદાનો કડક અમલ કરાવવા માંગતી હોય તો તે અગાઉ જરૂરી દસ્તાવેજો કેટલા વાહનચાલકો પાસે નથી અથવા તો કેટલા વાહનચાલકોને કયા દસ્તાવેજની જરૂરી છે તે અંગે સર્વે કરીને તેની પુર્તતા કર્યા બાદ કાયદો અમલી બનાવવો જોઈએ. કાયદાનો અમલ કરતા અગાઉ વાહનો ચલાવવા માટે રોડ રસ્તાઓની સુવિધા વાહનો માટે લાયક હોવી જોઈએ અને તે પૂર્ણ કરવાની સરકારની ફરજ છે. ત્યારે સૌપ્રથમ સરકારે તે કરવુ જોઈએ.




### ડીસામાં પી.યુ.સી. કરાવવા વાહનચાલકોનો ઘસારો....

આગામી સોમવારથી ટ્રાફીકના નવા નિયમો.અમલી થનાર છે પ્રથમવાર ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને માતબર રકમના દંડની જોગવાઈ કરાઈ છે જેમાં વાહનનું પી.યુ.સી. ન હોય તો પ્રથમવાર ૫૦૦ રૂં. અને બીજી વખત પકડાય તો ૧૦૦૦ રૂ. ની આકરી જોગવાઈ છે તેથી વાહનનું પી.યુ.સી. કરાવવા વાહન ચાલકોએ લાઈનો લગાવી દીધી છે. સરકારે તેની મુદત લંબાવીને ૩૦ સપ્ટેમ્બર કરી છે તેમ છતાં વાહન ચાલકો પી.યુ.સી. કરાવવા દોડધામ કરી રહ્યા છે તેથી ચમત્કારને નમસ્કાર કહેવત યથાર્થ ઠરી રહી છે. ખેર, જગ્યા ત્યાંથી સવાર ગણી વાહન ચાલકો ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરવા લાગે તો ટ્રાફિકની સમસ્યા હળવી થવા સાથે માર્ગ અકસ્માતો પણ ઘટે તેમ છે.

# હિંમતનગર, તલોદ અને સોનાસણ રેલવે સ્ટેશનનું એક સાથે લોકાર્પણ

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની પ્રજા અમદાવાદ-હિંમતનગર વચ્ચે બ્રોડગેજ રેલવે ક્યારે શરૂ થશે તેની કાગડોળે રાહ જોઈ રહી છે. ત્યારે શુક્રવારે સાબરકાંઠાના સાંસદ, ધારાસભ્યો અને રેલવેના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ત્રણ અદ્યતન રેલવે સ્ટશનોનું હિંમતનગરમાં લોકાર્પણ કરાયુ હતુ. અમદાવાદથી હિંમતનગર વચ્ચે આવતા મોટાભાગના રેલવે સ્ટેશનોને વાઈફાઈની સુવિધાથી સજ્જ કરાયા છે. પરંતુ હવે ટ્રેનસેવા ક્યારથી શરૂ થાય છે તે અંગે રેલવેના ઈધિકારીઓ પાસે જાણકારી નથી. તેમના કહેવા મુજબ કેન્દ્રિય રેલ વિભાગની મંજુરી આવી ગયા બાદ તરત જ ટ્રેનસેવા શરૂ કરાશે.

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, ગજેન્દ્રસિંહ રાઠોડ તથા હિતુ કનોડીયાની ઉપસ્થિતિમાં શુક્રવારે હિંમતનગર રેલવે સ્ટેશન પર લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં રેલવેના ડિવીજનલ મેનેજર દિપક મિશ્રા તથા અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં કરાયેલી જાહેરાત મુજબ હિંમતનગરથી અમદાવાદ વચ્ચે આવતા તલોદ, સોનાસણ તથા હિંમતનગર રેલવે સ્ટેશન પર મુસાફરોની સગવડ માટે વાઈફાઈની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.

નવી લાઈન પર ટ્રેનસેવા ક્યારે શરૂ થશે તે અંગે ડિવીજનલ મેનેજરે જણાવ્યું હતું કે રેલવે તંત્રએ અમદાવાદ-હિંમતનગર વચ્ચે ટ્રેનસેવા શરૂ કરવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. જેનો ટ્રાયલ પણ લેવાઈ ગયો છે. જેથી હવે કેન્દ્રના રેલવે મંત્રીની પરવાનગી મળ્યા બાદ તરત જ ટ્રેનસેવા શરૂ કરવા અમે કટિબદ્ધ છીએ. જોકે પ્રારંભિક તબક્કામાં અમદાવાદ-હિંમતનગર વચ્ચે બે લોકલ ટ્રેન દોડાવવામાં આવશે. આ ટ્રેનને અમદાવાદથી હિંમતનગર પહોંચવા માટે બે કલાકનો સમય લાગશે.

તો બીજી તરફ અમદાવાદ-ઉદેપુર વચ્ચે ટ્રેન સેવા ક્યારે શરૂ થશે તે અંગે સાંસદ અને અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં આવેલ જવાહર ટર્નલના પથ્થર તોડીને ટ્રેક નાખવાની કામગીરી ચાલી રહી છે. જે કામગીરી પૂર્ણ થવામાં અંદાજે ૨૦૨૦નો ડિસેમ્બર મહિનો આવી જવાની શક્યતા છે. જેથી ત્યાં સુધી પ્રજાને રાહ જોવી પડશે. મુંબઈથી હિંમતનગર વચ્ચે અલગ ટ્રેન દોડાવવા માટે પ્રજામાંથી ઉઠેલી માંગણી પરત્વે રેલવેના અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રથમ ટ્રેનસેવા શરૂ થઈ ગયા બાદ ટ્રાફીકને ધ્યાનમાં રાખીને પ્રજાની માંગણી અંગે વિચારવામાં આવશે.

સાબરકાંઠા સહીત ગુજરાતની પ્રજા અવારનવાર યાત્રાધામ ખેડબ્રહ્મા અને અંબાજી દર્શન કરવા માટે અવરજવર કરે છે ત્યારે આ વિસ્તારમાં પણ ટ્રેન સેવાની આવશ્યકતા છે. જે અંગે ઈડરના ધારાસભ્યે સાંસદ અને રેલવેના અધિકારીઓને એવી ફિલ્મી ડાયલોગની સરળ ભાષામાં કહ્યું હતું કે અમારા ઈડરનું ધ્યાન રાખજો. ત્યારબાદ સાંસદે એવી હૈયાધારણ આપી હતી કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાબરકાંઠાના ભોમિયા છે તેથી ઈડર, ખેડબ્રહ્મા, વડાલી તથા પોશીના અને વિજયનગરની પ્રજાની લાગમી તેમના સુધી પહોંચાડી હિંમતનગરથી અંબાજી સુધી રેલવેલાઈન શરૂ થાય તે માટે રજુઆત કરીશ. સાબરકાંઠાવાસીઓની માંગણી છે કે રોજબરોજ સાબરકાંઠાથી અંદાજે ૫૦૦થી વધુ લોકો મુંબઈ તરફ આવે છે અને જાય છે તેથી આવા મુસાફરોને અમદાવાદમાં પોતાનો સર સામાન ફેરવવામાં ખુબજ અડચણો વેઠવી પડે છે. તેથી જો ડાયરેક્ટ ટ્રેનની સુવિધા હોય તો મુસાફરોને ખુબજ અનુકૂળતા રહે તેમ છે. જોકે હાલ તો હિંમતનગર-અમદાવાદ વચ્ચે દોડનારી ટ્રેન ડિઝલ એન્જનથી દોડશે.



સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીનું પર્વ પુર્ણ થતાં આજે અનંત ચૌદશના દિને ઠેર-ઠેર ગણેશ વિસર્જનના કાર્યક્રમો યોજાયા હતા.શિવ ગૌરી પુત્ર દુંદાળા દેવ ગણેશજીને ભાવભેર વિદાય આપવા હજ્જારો ગણેશજીના ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ગણપતી બાપા મોરીયા...અગલે બરસ તુમ જલદી આના...ના ગગનભેદી નારાઓ ઠેર-ઠેર ગુંજતા હતા. ગણેશ ચતુર્થીના દિને ગણેશજીની સ્થાપના કર્યા બાદ સતત દસ દિવસ સુધી સેવા,પૂજા,અર્ચના કર્યા બાદ ભારભીની વિદાય કરતા ગણેશજીના શ્રધ્ધાળુ ભાવિક ભક્તો ભાવવિભોર બની ગયા હતા. ભિલોડા તાલુકામાં ગણેશ ચતુર્થીનું પર્વ સમાપ્ત થતાં આજે તા.૧૨ ના રોજ ગણેશ વિસર્જનના કાર્યક્રમો ભારે દબદબાભેર રીતે સંપન્ન થયા હતા. દુંદાળા દેવ ગણેશજીને વિદાય આપવા હજ્જારો ભક્તો ગણેશજીની વિસર્જન શોભાયાત્રામાં જોડાયા હતા.

## ડીસામાં ફરસાણની ફેક્ટરીમાં બોઈલર ફાટતાં બે કામદાર ગંભીરપણે દાઝ્યા

ડીસામાં અવાર નવાર વિચિત્ર અકસ્માતો સર્જાય છે. શુક્રવારે વહેલી સવારે પણ ડીસાના સિંધી કોલોની વિસ્તારમાં આવેલ ફરસાણની ફેક્ટરીમાં બોઈલર અચાનક ધડાકાભેર ફાટતા આ ફેક્ટરીમાં કામ કરી રહેલા બે યુવકોને ગંભીર ઈજાઓ થઈ હતી. વેપારી મથક ડીસાના સિંધી કોલોની વિસ્તારમાં આવેલ ડીસાના જાણીતા હરિઓમ મીઠાઈઘરના ગોડાઉનમાં શુક્રવારે વહેલી સવારે ધડાકાભેર બોઈલર ફાટતાં ગોડાઉનમાં કામ કરી રહેલા ૨૫ વર્ષીય માનસિંહ મનહરસિંહ રાજપૂત અને ૨૩ વર્ષીય ખેતસિંહ પ્રમસિંહ રાજપૂત ગંભીર રીતે દાજી જતાં તેમને તાત્કાલિક ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે ધારપુર ખસેડવાની ફરજ પડી હતી.

# ભિલોડા ગ્રામ પંચાયતની ખાસ સભા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

ભિલોડા ગ્રામ પંચાયત સરપંચએ બોલાવેલ કારોબારી સભ્યોની ખાસ સભા ગ્રામ પંચાયત કચેરીના મીટીંગ હોલમાં આજે શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.કારોબારી અધ્યક્ષ અને કારોબારી સભ્યોએ સ્વૈચ્છીક રીતે રાજીનામા આપતા સરપંચે સ્વીકાર્યા હતા.મહિલા સરપંચે દોઢ વર્ષ બાદ સત્તાનું સુકાન પુનઃ સંભાળતા પ્રજાજનોમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી છે.સરપંચે સત્તાનું સુકાન સંભાળતા સમર્થકો,ટેકેદારોમાં ખુશીનું મોઝુ ફરી વળ્યું હતું.કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગોરધનભાઈ ગામેતીએ જણાવ્યું હતું કે વિકટ પ્રાણ પ્રશ્નોને વાચા આપવા સંદર્ભે આજે કારોબારી સભ્યોની ખાસ સભા ગ્રામ પંચાયત કચેરીના સભાખંડમાં બોલાવી હતી.૧૫ ગ્રામ પંચાયતના કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.વિવિધ પ્રશ્નો સંદર્ભે ચર્ચા-વિચારણા કરાઈ હતી.કારોબારી અધ્યક્ષ અને કારોબારી સભ્યોએ સ્વૈચ્છીક રાજીનામા આપ્યા હોઈ ત્યારે સ્વીકાર્યા હતા.પુનઃ સત્તાનું સુકાન સંભાળ્યું છે ત્યારે સર્વે ગ્રામજનો,કારોબારી સભ્યોના સાથ સહકાર થી સ્વચ્છ અને કુશળ વહીવટ ધ્વારા સર્વાંગી વિકાસ થાય તેના માટે ભગીરથ પ્રયત્નો કરીશું તેવી બાંહેધરી આપી હતી.પીવાના પાણીના નવિન નળ કનેકશન,ગટર કનેકશનનું જોડાણનું કામકાજ ટુંક જ સમયમાં દરેક ઘર દીઠ આપવાના છે.બિસ્માર,ક્ષતિગ્રસ્ત આર.સી.સી. નવિન રસ્તાઓ આગામી સમયમાં બનાવવાનું આયોજન હાથ ધરાયું છે.ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારનો સર્વાંગી વિકાસ થાય એ જ લક્ષ્ય છે.

ભિલોડા ગ્રામ પંચાયત કારોબારી અધ્યક્ષ યોગેશભાઈ હરીહરભાઈ બુધ્ધએ જણાવ્યું હતું કે સ્વૈચ્છીક રીતે રાજીખુશી થી રાજીનામા સરપંચને લેખિતમાં આપ્યા છે.ગ્રામ પંચાયત મત વિસ્તારમાં સર્વાંગી વિકાસ કાર્યો માટે અમો સૌ સાથે મળીને સાથ સહકાર આપીશું તેમ જણાવ્યું હતું.

ભિલોડા ગ્રામ પંચાયત કારોબારી અધ્યક્ષ અને કારોબારી સભ્યોએ રાજીનામું આપતા ભારે રાજકીય રીતે હડકંપ મચી ગયો હતો.દિન-પ્રતિ-દિન વિકટ પ્રાણ પ્રશ્નોનું પ્રમાણ ચોમાસા દરમ્યાન એકા-એક વધતા જાગૃત મહિલાઓ, પ્રજાજનો, આગેવાનોએ ત્રણ-ત્રણ વાર ગ્રામ પંચાયત કચેરીમાં ભારે હોબાળો મચાવતા ભારે બુમરાણ મચી જવા પામી હતી.કારોબારી અધ્યક્ષ,કારોબારી સભ્યો ઉપર થયેલ આક્ષેપો સંદર્ભે રાજીનામું અપાયું છે.કારોબારી અધ્યક્ષ યોગેશભાઈ બુધ્ધ,કારોબારી સભ્ય મહેન્દ્રસિંહ રાઠોડ,વર્ષાબેન પટેલ,હેમંતકુમાર ગામેતીએ રાજીનામું સ્વૈચ્છીક રીતે આપી દીધું છે.

ભિલોડા ગ્રામ પંચાયત મત વિસ્તારના પ્રજાજનો હવે સર્વાંગી ઝળહળતો વિકાસ થાય તેવી આશા સેવી રહ્યા છે.

## ઢીમાને જોડતા માર્ગો પર પદયાત્રિકોનું ઘોડાપુર, આજે પૂનમે મેળાની પૂર્ણાહૂતિ

બનાસકાંઠાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમાને જોડતા માર્ગો ઉપર પદ યાત્રાળુઓનું ઘોડાપુર ઉમટી પડ્યું છે વાવ તાલુકાના યાત્રાધામ ઢીમા ખાતે બિરાજમાન ધરણીધર ભગવાનના ચરણોમાં દૂર-દૂરથી ચાલીને આવેલા યાત્રાળુઓ શીશ ઝુકાવીને કાળીયા ઠાકરના આશીર્વાદ મેળવ્યા હતા ભાદરવો મહિનામાં પદયાત્રાનો અનેરો મહિમા હોવાથી યાત્રાધામ ઢીમામાં અગિયારસથી મેળાનો પ્રારંભ થઈ જાય છે અને પૂનમ સુધી આ મેળો ધામ ધૂમ પૂર્વક ચાલે છે. સેવાભાવી લોકો દ્વારા દૂર દુરથી ચાલીને આવનાર યાત્રાળુઓની સેવામાં રાતદિવસ લગાતાર રહેતા હોય છે થરાદથી ઢીમા, વાવ થી ઢીમા , માવસરીથી ઢીમા, ભોરોલથી ઢીમા તમામ જાહેર રસ્તાઓ ઉપર યાત્રાળુઓની સેવા કરવા માટે સેવાભાવી લોકો દ્વારા કેમ્પ ખોલવામાં આવ્યા છે. લગાતાર રાત-દિવસ યાત્રાળુઓની સેવા કરવામાં આવી રહી છે છેક રાજસ્થાનમાંથી પણ દાદા ભક્તો પદયાત્રાએ ઉમટી રહ્યા છે હવે આજે પૂનમે પરંપરાગત રીતે આવતા શ્રદ્ધાળુઓ સાથે પદયાત્રિકોના જમાવડાથી નાનકડું ધામ માનવ મહેરામણથી ઉભરાઈ ઉઠશે.

## આરોગ્ય વિભાગના આદેશ બાદ તાબડતોબ ગંદકી હટાવાઈ

ભિલોડા,તા.૧૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે અસહ્ય દુર્ગંધ મારતી ગંદકી દુર કરવા સંદર્ભે આરોગ્ય વિભાગની તાકીદથી ભિલોડા ગ્રામ પંચાયત સફાળી રીતે જાગી છે.ભિલોડામાં અનેક જગ્યાએ ગંદકી ખદબદે છે ત્યારે ચોમાસા દરમ્યાન મચ્છરોનો ઉપદ્રવ વધતા રોગચાળાની દહેશત ઉભી થઈ છે.વહીવટી તંત્રના અધિકારીઓ એકાએક હરકતમાં આવી ગયા ગ્રામ પંચાયતનું તંત્ર પણ તાબડતોબ ગંદકી હટાવવાની કામગીરીમાં જોડાયુ હતું.ચોમાસા દરમ્યાન છેલ્લા કેટલાક દિવસોથી વરસાદના કારણે વરસાદી પાણી ભરાતા ઠેર-ઠેર ગંદકીના ખડકલા થતા પ્રજાજનોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો હતો.

ભિલોડામાં ઠેર-ઠેર નીચાણવાળા વિવિધ વિસ્તારોમાં ભરાઈ રહેલ વરસાદી પાણીના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે.પ્રજાજનોને



છે.આરોગ્ય વિભાગે ભિલોડા ગ્રામ પંચાયતને લેખિતમાં જાણ કરી હતી કે ગંદકી હટાવવા પગલા ભરવા તાકીદ કરેલ છે.પીવાના પાણીની પાઈપ લાઈનોનું લીકેજીંગ દુર કરવા સંદર્ભે આરોગ્ય વિભાગે ગ્રામ પંચાયતને જાણ કરી છે.આરોગ્ય વિભાગના આદેશ બાદ ભિલોડા આરોગ્યલક્ષી સારવાર જ્યાં અપાય છે તે કોટેજ હોસ્પિટલ આગળ જ ગંદકીના ઢગ ખડકાતાં સારવાર લેવા આવનાર પણ માંદા થઈ જાય તેવો ઘાટ સર્જાયો હતો પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે વહીવટી તંત્ર ધ્વારા ગંદકી હટાવવાની સફળ કામગીરી હાથ ધરાઈ હતી.



### માલપુરમાં ૧૧૧ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે ગણેશજીને વિદાય

માલપુર શહેરમાં ગણેશ યુવક મંડળ દ્વારા કાશ્મીરના પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલા ૪૨ જવાનોની શહીદીને યાદ કરી ૧૧૧ ફૂટના વિશાળ રાષ્ટ્રધ્વજ સાથે શ્રદ્ધાંજલિ આપી ત્રિરંગા યાત્રા સાથે માલપુર નગરમાં દેશભક્તિના બેનરો અને ચંદ્રયાનની પ્રતિકૃતિઓ બનાવવામાં આવી હતી. ગણેશ વિસર્જનનો ઐતિહાસિક કાર્યક્રમ યોજાતા ધર્મ અને દેશભક્તિનો અનોખો સંગમ યોજાયો હતો. મોડાસા નગરમાં ગણેશ મહોત્સવનું વિસર્જનની ભવ્ય શોભાયાત્રામાં માનવમહેરામણ ઉમટી પડ્યું હતું. ટ્રેક્ટર, ઊંટલારી વગેરે સાથે નગરના રાજમાર્ગો ઉપર વાજતે-ગાજતે નીકળેલી શોભાયાત્રાનું ઠેર ઠેર ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. વિસર્જનયાત્રામાં વિઘ્નહર્તા ગણપતિદાદા રાજમાર્ગો, સોસાયટી વિસ્તાર અને રહેણાંક એરિયામાં પહોંચતા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ઢોલ-નગારા, ડીજે, ખંજરી, મંજીરા, ઘંટરાવની જમાવટ અને અબીલ-ગુલાલની છોળો ધ્યાનાકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. મોડાસા નગર સહીત અરવલ્લી જીલ્લામાં સામુહિક સ્થળે ઘર આંગણે અને ધંધા-રોજગારના સ્થળે પ્રસ્થાપિત કરેલા દુંદાળાદેવની વિદાય સમયે ભક્તોએ ભાવભીની વિદાય આપી હતી. વિસર્જન યાત્રામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. મોડાસાના ઓધારી તળાવમાં નગરપાલિકા તંત્ર દ્વારા બનાવેલ કુત્રિમ કુંડમાં ગણપતિદાદાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. અરવલ્લી જીલ્લામાં અનંત ચૌદસે મોડાસા શહેર સહીત અન્ય શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં ગણપતિ વિસર્જનની ભવ્યાતિભવ્ય યાત્રા યોજાઈ હતી. મોડાસા શહેરમાં બપોરના એક વાગ્યા બાદ રામપાર્ક કા રાજા, મેઘરજ રોડ યુથ જંક્શન, રિદ્ધિ સિદ્ધિ મનોકામના યુવક મંડળ, સાઈ ગ્રુપ ઓધારી યુવક મંડળ, સોનીવાડા, ભોઈવાડા, કડીયાવાડા સહિતના જાહેરસ્થળોએ અને ઘરે, ધંધા-રોજગાળના સ્થળે પ્રસ્થાપિત કરેલી ગણપતિદાદાની પ્રતિમાઓ ડીજેના, બેન્ડવાજા અને ઢોલીઓના તાલે ધીરે ધીરે પંડાલમાંથી વિસર્જન તરફ પ્રયાણ થતા સ્વયંભૂ નગરજનો વિસર્જન યાત્રામાં જોડાઈ ગયા હતા. ''અગલે બરસ તું જલ્દી આના'' અને ''ગણપતિ બાપ્પા મોરયા'' ના નાદ સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વિસર્જનયાત્રા શાંતિપૂર્ણ યોજાય તે માટે પોલીસતંત્ર દ્વારા વિસર્જન યાત્રાના સાથે અને માર્ગો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગણેશજીની પ્રતિમાના વિસર્જન સમયે ભક્તોની આંખો ભીની થઈ ગઈ હતી અને ભારે હૈયે ભાવવિભોર બની રહેઠાણ સ્થળોએ પરત ફર્યા હતા.